# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની જુલાઇ પૂરક પરીક્ષા-૨૦૨૨ નું પરિણામ તા.૦૪/૦૮/૨૦૨૨ ના રોજ જાહેર થયેલ છે તથા ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની જુલાઇ પૂરક પરીક્ષા-૨૦૨૨ નું પરિણામ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો બોર્ડની જુલાઇ પૂરક પરીક્ષા-૨૦૨૨ ના પરિણામ માટે ગુણચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ બપોરના ૧૪:૦૦ કલાકથી તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરી  ઓનલાઇન અરજી કરી શકશે.  ગુણચકાસણીની અરજીઓ ફકત ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

ગુણચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઇન SBI ePay System મારફતે (Credit Card, Debit Card, Net Banking દ્વારા) અથવા SBI ePay ના “SBI Branch Payment” ઓપ્શન દ્વારા દેશની કોઇપણ SBI Branch માં ભરી શકાશે. જેની આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૦૬/૦૮/૨૦૨૨
સ્થળ :- ગાંધીનગર